પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૭૬ | ૫ સપ્ટેમ્બર, ૨૦૧૭, મંગળવાર ; ભાદરવા સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### નવા રક્ષા મંત્રી આવતીકાલે હોદ્દો સંભાળશે

નવ નિયુકત સંરક્ષણ-મંત્રી નિર્મલા સીતારામન છઠ્ઠીએ સવારે પદભાર સંભાળશે. ૪૨ વર્ષ બાદ પ્રથમ મહિલા સંરક્ષણ મંત્રી તરીકે નિમાયેલા શ્રીમતી સીતારામન દુનિયાના આઠ સંરક્ષણ મંત્રીની હરોળમાં સ્થાન લેશે.

### ફરુખાબાદમાં ૪૯ બાળકના મોત

ઉત્તરપ્રદેશમાં ગોરખપુર બાદ ફરુખાબાદમાં પણ ૪૯ બાળકોના મૃત્યુ થતાં ભારે હાહાકાર મચી ગયો છે. ડોકટરોની બેદરકારી અને ખામીયુકત માળખાકીય સુવિધાઓના કારણે આ દુર્ઘટના બની હોવાનું કહેવાય છે.

### કેજરીવાલને પાંચ હજારનો દંડ

દિલ્હી હાઈકોર્ટે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પાંચ હજારનો દંડ ફટકાર્યો છે. અરૂણ જેટલીના બદનક્ષીના બીજા કેસમાં જવાબ રજુ કરવામાં વિલંબ બદલ આ દંડ ફટકારાયો છે.

### સાપોરમાં બે આતંકી ઠાર

કાશ્મીરના સાપોર વિસ્તારમાં ત્રાસવાદીઓ સાથેની અથડામણમાં બે આંતકીઓ ઠાર કરાયા છે. સાપોર અને બારામુલ્લા વિસ્તારમાં ત્રણ દિવસથી શાળા કોલેજ પણ બંધ રખાઈ છે.

# બ્રિક્સ સંમેલનમાં ભારતની રાજદ્વારી જીત

**ઘોષણાપત્રમાં તોઇબા અને જૈશની નિંદા : ચીનના વિરોધ છતાં ઘોષણાપત્રમાં પાકિસ્તાની ત્રાસવાદીઓનો ઉલ્લેખ : શાયમેન ડિક્લેરેશનમાં ત્રાસવાદી હુમલાઓ, ત્રાસવાદી ગતિવિધિની ઝાટકણી ત્રાસવાદ સામે જંગમાં આંતરરાષ્ટ્રીય સહકાર જરૂરી હોવાની કબૂલાત કરાઇ**




નવી દિલ્હી,તા.૪

વિશ્વના દેશોની જેના ઉપર નજર હતી તે બ્રિક્સ સંમેનલ આજે ચીનના શ્યામનમાં સઘન સુરક્ષા વચ્ચે શરૂ થયા બાદ બ્રિક્સના તમામ નેતાઓ આમા ઉપસ્થિત રહ્યા હતા. બ્રિક્સ સંમેલનમાં શરૂઆતમાં ભારતે મોટી રાજદ્વારી જીત હાસલ કરી લીધી છે. કારણ કે, બ્રિક્સ ઘોષણાપત્રમાં પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કરે તોઈબા, જૈશે મોહમ્મદ અને હક્કાની નેટવર્કની જોરદાર ઝાટકણી કાઢવામાં આવી છે. આ ઉપરાંત તાલિબાન, અલકાયદા જેવા સંગઠનોની પણ નિંદા કરવામાં આવી છે. બ્રિક્સ ઘોષણાપત્રમાં આ તમામ ત્રાસવાદી સંગઠનોનો વિશેષ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. બ્રિક્સના તમામ પાંચ દેશના ઘોષણાપત્રમાં ત્રાસવાદી સંગઠનોની નિંદા કરવામાં આવી હતી. બ્રિક્સ સમિટ પહેલા ચીનની એવી ઈચ્છા હતી કે, આ મંચ ઉપર પાકિસ્તાનની સામે ત્રાસવાદના મુદ્દાને ભારત ન ઉઠાવે પરંતુ બ્રિક્સ દેશો તરફથી જે ઘોષણાપત્ર તૈયાર કરાયું છે તેમાં ત્રાસવાદની આકરી નિંદા કરવામાં આવી હતી. પાકિસ્તાની ત્રાસવાદી સંગઠન લશ્કરે તોઈબા, જૈશે મોહમ્મદ અને હિઝબુલની ઝાટકણી કાઢવામાં આવી હતી. આ ઘોષણાપત્ર ખુબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે, ચીને ઘણી


● અનુસંધાન પાન-૭ પર


## નરેન્દ્ર મોદી-જિંગપિંગે નવી અપેક્ષાઓ સાથે હાથ મિલાવ્યા

**બંને દેશોના દિલ મળે તેમ નિષ્ણાતોની ઇચ્છા**



નવી દિલ્હી,તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રિક્સ સંમેલનમાં ભાગ લેવા અનેક સસ્પેન્સ વચ્ચે પહોંચ્યા હતા. આજે જ્યારે તેમનો સામનો ચીની પ્રમુખ શી જિંગપિંગ સામે થયો ત્યારે બંને નેતાઓ ઉત્સાહિત દેખાયા હતા. બંનેએ એક બીજા સાથે હાથ મિલાવ્યા હતા. ડોકલામ વિવાદને લઈને એશિયાની બે મહાશક્તિઓ વચ્ચે લાંબા સમય સુધી ચાલી રહેલા વિખવાદ બાદ હાલમાં સુધારો થઈ ગયો છે. ડોકલામમાંથી બંને દેશોની સેનાઓ પારસ્પરિકરીતે પીછેહઠ કરી ગઈ છે. આ દ્રષ્ટિથી બંને વડાઓ વચ્ચે આ મુલાકાત ખુબ જ મહત્વપૂર્ણ હતી.

ભારત અને ચીન બંને દેશોએ સંકેતો આપ્યા છે કે, મતભેદોને ભુલી જઈને આગળ વધવા માટે તૈયાર છે. જો કે, બંને દેશો વચ્ચે ખેંચતાણ માટેના એટલા મુદ્દા છે કે, આવનાર સમયમાં સ્થિતિને સામાન્ય બનાવવામાં વધારે સમય લાગી શકે છે. મોદીએ ચીન પહોંચ્યાના એક દિવસ પહેલા કહ્યું હતું કે, વિવાદાસ્પદ ડોકલામ મુદ્દાને દફન કરીને આગળ વધવા માટે ભારત ઈચ્છુક છે. ભવિષ્યના સારા સંબંધો માટે ડોકલામ વિવિદને અમે


● અનુસંધાન પાન-૭ પર


# સ્ટાર ઈન્ડિયાને ૧૬૩૪૭.૫૦ કરોડમાં IPL રાઈટ્સ

## ૨૦૨૨ સુધી આઈપીએલના મિડિયા રાઇટ્સ સ્ટાર ઇન્ડિયા પાસે હશે

નવી દિલ્હી,તા.૪

સ્ટાર ઈન્ડિયાએ હાઈ પ્રોફાઈલ ઈન્ડિયન પ્રીમિયર લીગના ટીવી અને ડિજિટલ બ્રોડકાસ્ટના મીડિયા અધિકાર આખરે મેળવી લીધા છે. મીડિયા અધિકારને સ્ટાર ઈન્ડિયાએ ૧૬૩૪૭.૫૦ કરોડમાં ખરીદી લેતા આને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. આ પહેલા આઈપીએલના મીડિયા અધિકાર સેનીની પાસે હતા. હવે વર્ષ ૨૦૧૮થી લઈને વર્ષ ૨૦૨૨ સુધી પાંચ વર્ષ માટે આઈપીએલના મીડિયા અધિકાર સ્ટાર ઈન્ડિયાની પાસે રહેશે. આઈપીએલના ભારતીય મહાદ્વિપ અને ગ્લોબલ માર્કેટમાં બ્રોડકાસ્ટ અને ડિજિટલ બ્રોડકકાસ્ટના આગામી પાંચ વર્ષના અધિકાર માટે આજે ભારે ઉત્સુકતા વચ્ચે બોલી લગાવવામા આવી હતી. બોલીમાં ભાગ લેવા માટે સહમતી દર્શાવનાર કુલ ૨૪ નામ પૈકી માત્ર ૧૪ નામ જ બોલીમાં ભાગ લેવા માટે પહોંચ્યા હતા. યાહુ, એમેઝોન અને ઈએસપીએન ડિજિટલે ભાગ લીધો ન હતો. ડિજિટલ રાઈટ્સ માટે ટાઈમ્સ ઈન્ટરનેટ, રિલાયન્સ જિયો, એરટેલ, અને ફેસબુકો પણ બોલી લગાવી હતી. પરંતુ આખરે સ્ટાર ઈન્ડિયાએ તમામ હરિફોને પછડાટ આપીને ટીવીની સાથે સાથે બ્રોડકાસ્ટના અધિકાર મેળવી લીધા છે. આ બાબતની જાહેરાત બીસીસીઆઈના સીઈઓ રાહુલ જોહરી દ્વારા કરવામાં આવી હતી. આઈપીએલના મિડિયા રાઈટ્સ મળ્યા બાદ સ્ટાર ઈન્ડિયાના ચેરમેન ઉદય શંકરે કહ્યુ હતુ કે અમે માનીએ


● અનુસંધાન પાન-૭ પર


# આગામી વર્ષથી ૧૨૦૦૦ રૂપિયામાં યુરોપની ટિકિટો

## આગામી વર્ષથી લાંબા અંતરની યાત્રાના બિઝનેસને પણ વેગ મળે તેવી શક્યતા : કારોબારીઓ આશાસ્પદ બન્યા

મુંબઈ,તા. ૪

આગામી વર્ષથી માત્ર ૧૨૦૦૦ રૂપિયામાં યુરોપની ટિકિટ મળી શકે છે. ભારતમાં હાલમાં સસ્તી સ્થાનિક ફલાઈટ ને લઈને માર્કેટમાં બુમ છે. જો કે એક વર્ષની અંદર જ આંતરરાષ્ટ્રીય લાંબા અંતરની ફલાઈટની ટિકિટ પણ સસ્તી કરવામાં આવી શકે છે. જેના ભાગરૂપે યુરોપની ટિકિટ ૧૨૦૦૦ રૂપિયામાં ઉપલબ્ધ બની શકે છે. યુરોપ, અમેરિકા, દક્ષિણ પૂર્વ એશિયા અને ઓસ્ટ્રેલિયા બાદ આ કારોબાર હવે ભારતમાં આવી શકે છે. આ ઉડાણો ભારતમાં સસ્તી વિમાની સેવા આપનાર કંપનીઓ તરફથી ઓફર કરવામાં આવી શકે છે. જો સ્પાઈસ જેટ અને ઈન્ડિગો જેવી એરલાઈન્સ સસ્તી કિંમત પર આંતરરાષ્ટ્રીય ફલાઈટની ઓફર કરવામાં વિલંબ કરશે તો તે પોતાની રીતે સેવા આપી શકે છે. સિંગાપોર એરલાઈન્સની સહાયક કંપની સ્કુટ ભારતમાં આ પહેલ કરી શકે છે. સ્કુટ પાંચમી આઝાદીના નામ પર બન્ને દેશો વચ્ચે સસ્તી વિમાની સેવા આપી શકે છે. ભારતમાં સ્કુટના હેડ ભારત મહાદેવને કહ્યુ છે કે આ યોજના ભારતમાં અમલી કરી દેવામાં આવ્યા બાદ મુંબઈ, દિલ્હી, ચેન્નાઈ અને કોલક્તા જદેવા શહેરોથી સીધી


● અનુસંધાન પાન-૭ પર


# છેલ્લા એક મહિનામાં ફરૂખાબાદમાં ૪૯ બાળકના મોતથી ચકચાર

ફરૂખાબાદ,તા. ૪

ઉત્તરપ્રદેશમાં ગોરખપુર સ્થિત બીઆરડી હોસ્પિટલમાં નજાત શિશુના મોટી સંખ્યામાં મોત થયા બાદ હવે ફરૂખાબાદ સ્થિત ડો. રામ મનોહર લોહિયા રાજકીય હોસ્પિટલમાં ૪૯ બાળકોના મોતનો મામલો સપાટી પર આવ્યા બાદ સનસનાટી મચી ગઈ છે. તપાસ રિપોર્ટ સપાટી પર આવ્યા બાદ સરકાર હચમચી ઉઠી છે. બીઆરડી હોસ્પિટલમાં મોટી સંખ્યામાં બાળકોના મોત બાદ ટિકા ટિપ્પણીનો સામનો કરી રહેલી યોગી સરકારની ઉંઘ હરામ થઈ ગઈ છે. તપાસ રિપોર્ટમાં ચોંકાવનારી કબુલાત કરવામાં આવી છે કે આ બાળકોના મોત પણ ઓક્સિજનની કમી અને દવા પુરતા પ્રમાણમાં ન મળવાના કારણે થયા છે. ફરૂકાબાદના એસપી દયાનંદ મિશ્રાએ માહિતી આપતા કહ્યુ છે કે આ મામલામાં સીએમઓ, સીએમએસ અને લોહિયા હોસ્પિટલના કેટલાક તબીબોની સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. તપાસ વધારે આગળ વધ્યા બાદ સંબંધિતોની સામે કાર્યવાહી કરવામાં આવનાર છે. બીઆરડી મેડિકલ કોલેજ હોસ્પિટલથી પ્રાપ્ત


● અનુસંધાન પાન-૭ પર


### ગુજરાત એકસ એમ.એલ.એ. કાઉન્સિલના આદ્યસ્થાપક શંકરલાલ ગુરૂનું નિધન

ગાંધીનગર, તા.૪

ગુજરાત એકસ એમ.એલ.એ. કાઉન્સિલના સ્થાપક તથા ચેરમેન અને સમાજસેવક શંકરલાલ ગુરૂનું ૯૦ વર્ષની વયે આજરોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓએ જીવનની લાંબી ઈનીંગ્સ હસતા મુખે રમતાં રમતાં ટૂંકી માંદગી બાદ આજે તેમનો જીવનદિપ બુઝાઈ ગયો.

બહુમુખી પ્રતિભા ધરાવતા શંકરલાલ ગુરૂની કૃષિ ક્ષેત્રે અને સમાજક્ષેત્રે સરાહનીય કામગીરી રહી છે. તેઓએ સરકારશ્રીમાં વિવિધ પ્રતિષ્ઠાભર્યા હોદ્દાઓ ઉપર રહી નોંધનીય સેવાઓ આપી હતી. જિંદગીની અંતિમ ક્ષણો સુધી કાર્યરત રહી મૃત્યુ બાદ પણ તેઓનું 'દેહદાન' એ સમાજને ઉદાહરણ રૂપ બની રહેશે.


જન્મદિનની શુભકામનાઓ...
વધે નામના તમારી એવી શુભકામના અમારી...
30 વર્ષમાં મંગલ પ્રવેશ
LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA
CELEBRATING 30 YEARS OF TRUST
કમલેશ પી. ઉપાધ્યાય
ચીફ લાઈફ ઈન્શ્યોરન્સ એડવાઈઝર
(નવા એજન્ટની નીમણુંક કરનાર)
SHREE LIFE INSURANCE
Servicing Mobile Van & Premium Point
સ્નેહાધીન : પોલીસી ધારકો - સ્નેહીજનો - મિત્રો
• રીટા કે. ઉપાધ્યાય • કીશન કે ઉપાધ્યાય
• ડો. અબીંકે કે. ઉપાધ્યાય
મો. ૯૮૨૪૨ ૭૧૮૫૮, ૯૯૨૪૬૬૬૦૦૯
સર્વિસ વાન - ૭૫૭૫૦૩૨૪૦૦



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય


